ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૯૫ ટકા

# પુરપીડીતોની વ્હારે ગાંધીનગર શહેર

## પુરપીડીતો માટે ૫૬ હજાર ફુડ પેકેટ રવાના : બીજા તબક્કામાં ૫૦ હજારથી વધુ ફૂડ પેકેટ મોકલાશે



ગાંધીનગર, તા.૨૫

બનાસકાંઠા જિલ્લાના પુર ગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકો માટે સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ તથા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરાયેલ ૫૬ હજાર ફૂડ પેકેટ તથા ૨૦ હજાર પાણીના પાઉચ આજે બે ટ્રકો ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરે જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ, મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડી.એન.મોદી અને ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી નૈલેશભાઈ શાહની ઉપસ્થિતિમાં રવાના કરવામાં આવી છે.

જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે જણાવ્યું હતું કે, ડભોડા મંદિર, ત્રિમંદિર અડાલજ, કલોલની સ્વૈચ્છિક સંસ્થાઓ, અક્ષરધામ મંદિર, કોબા સરપંચ શ્રી યોગેશભાઈ નાયી, અક્ષયપાત્ર, રૂપાલ મંદિર, સ્વામિનારાયણ મંદિર, ધોળાકુવા, ગાંધીનગર મહાનગરપાલિકા સહિત કલોલ તાલુકા પંચાયત તેમજ અન્ય પેથાપુર નગરપાલિકા દ્વારા તૈયાર કરેલા ફૂડ પેકેટો બનાસકાંઠાના અસરગ્રસ્તો માટે રવાના કર્યા છે. જિલ્લા રજિસ્ટ્રાર શ્રી શ્વેતા પટેલે જણાવ્યું હતું કે, મધુર ડેરી દ્વારા સુખડીના ૧૦ હજાર પેકેટ, નમકીનના ૧૦ હજાર ફૂડ પેકેટ સહિત બે એ.પી.એમ.સી દ્વારા ૫૫૦૦ ફૂડ પેકેટ બની રહ્યા છે. જે બીજા તબક્કામાં આવતીકાલે રવાના કરાશે. ગાંધીનગર મહાનગરપાલિકા કુલ — ૬૦ હજાર પેકેટ અસરગ્રસ્તોની મદદ માટે મોકલશે. તેમ મ્યુનિસિપલ કમિશનર શ્રી ડી.એન.મોદીએ જણાવ્યું હતું.



જિલ્લા પ્રભારી સચિવ શ્રી સંજીવકુમાર અને જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે માણસા તાલુકામાં કાંઠા વિસ્તારમાં રહેતા ૨૦૦ માણસોનું સ્થળાંતર કરાવી ૫ દિવસ સુધી તેમની રહેવા-જમવાની વ્યવસ્થા કરી છે. ઝુંડાલ નર્મદા કેનાલમાં ગાબડું પડતા ચીફ ઈજનેર શ્રી કોટવાણીને જિલ્લા વહીવટી તંત્રએ તાત્કાલિક જાણ કરીને જે.સી.બી મશીન અને લેબરને મોકલીને સાથે તાત્કાલિક મરામત કરવામાં આવી છે. ધરોઈ ડેમનું પાણી સાબરમતી નદીમાં છોડતા નદી કાંઠાના ૨૭ ગામોના સરપંચ, તલાટી, તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને એલર્ટ રહી ચાંપતી નજર રાખવાના આદેશ જિલ્લા કલેકટરશ્રીએ કર્યા છે. આ ઉપરાંત ગાંધીનગર શહેર અને સમગ્ર જિલ્લામાં પડી ગયેલા વૃક્ષોને હટાવી રસ્તાઓ ઝડપથી ખુલ્લા કરવાની વન વિભાગને તાકીદ કરવામાં આવી છે. બનાસકાંઠાના અસરગ્રસ્તો માટે ફૂડ પેકેટ સહિત પીવાના પાણીના પાઉચ સહિત અન્ય સામગ્રી મોકલવાનું મોનીટરીંગ જિલ્લા પુરવઠા અધિકારી શ્રી દર્શનાબેન રાંક કરી રહ્યાં છે. ગાંધીનગર જિલ્લાના કલસ્ટર ઓફિસરોને પ્રત્યેકને ૨૦ ગામોનું મોનીટરીંગ કરવાની સૂચના જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે આપી છે.




# આકાશમાંથી મેહ અને ધરતી પરથી સ્નેહ વરસ્યા









ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાંથી પૂરગ્રસ્ત નાગરીકો માટે હજ્જારો ફુડ પેકેટ લઈને ટ્રકો બનાસકાંઠા તેમજ અસરગ્રસ્ત વિસ્તારોમાં જવા માટે રવાના થઈ ગઈ છે. ગાંધીનગર શહેરના નાગરીકોમાં સંવેદના જાગી ઉઠી છે. શહેરની સેવાકીય, સામાજીક, સ્વૈચ્છીક સંસ્થાઓ સહિત રાજકીય આગેવાનો,



ગાંધીનગરના જાણીતા કટારલેખિકા સ્વાતિ શુકલ તથા તેમની દિકરી રિધ્ધિ શુકલએ મળીને ૨૦૦ થેપલાં બનાવી સુકીભાજી સાથે સે-૨૨માં તેમના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારની ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના પરિવારોને પુરાં પાડયાં હતાં.

સેવાભાવી નાગરીકો, અગ્રણી વેપારીઓમાં પુર પિડીતો માટે સંવેદના જાગતા રાતોરાત ફુડ પેકેટ બનાવવાની કામગીરી આરંભીને હજ્જારો ફુડ પેકેટ તૈયાર કરીને મોકલી દેવામાં આવ્યા છે. ગાંધીનગર શહેર હર હંમેશ સેવાકાર્યોમાં અગ્રેસર રહ્યું છે. શહેરના નાગરીકોએ ભુકંપ સમયે પણ મોટીમાત્રામાં રાહત સામગ્રી કચ્છ સહિતના અસરગ્રસ્ત વિસ્તારમાં મોકલી આપી હતી. ત્યારે છેલ્લા ચાર દિવસથી મેઘરાજાએ સમગ્ર ઉતર ગુજરાતને ઘમરોળી નાંખ્યું છે. નાગરીકો જીવ બચાવવા ઘરના ધાબા પર ચડી ગયા છે. પુરગ્રસ્ત વિસ્તારમાં નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે આ પુરગ્રસ્ત નાગરીકોના વ્હારે ફરીવાર ગાંધીનગર શહેરની સેવાકીય, સ્વૈચ્છીક,સમાજીક સંસ્થાઓ સહિત રાજકીય આગેવાનો સેવા માટે આગળ આવ્યા છે. ગાંધીનગરથી પાણીના પાઉચ, બિસ્કીટ, ફુલવડી, સુખડી, પુરી-શાક, સેવ મમરા, ગાંઠીયા સહિતના નાસ્તાના હજ્જારો ફુડ પેકેટ અસરગ્રસ્ત વિસ્તાર માટે રવાના કરાયા છે.

● ગાયત્રી પરિવાર ટ્રસ્ટ : ગુજરાત રાજયમાં વરસાદની તારાજીને પગલે બનાસકાંઠા જિલ્લો ખુબ જ પ્રભાવિત થયો છે જનજીવન ખોરવાઈ ગયું છે.ત્યારે અસરગ્રસ્ત પરિવારોને સહાય સ્વરુપે ગાયત્રી મંદિર પરિવાર દ્વારા ૫૦૦૦ સુખડીના અને ૫૦૦૦ ફુલવડીના પેકેટ તૈયાર કરીને અસરગ્રસ્ત વિસ્તારમાં મોકલી આપવામાં આવ્યા છે. આ ફુડ પેકેટ તૈયાર કરવા ગાયત્રી પરિવારના સભ્યો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

● ભારત વિકાસ પરિષદ દ્વારા સતત વરસી રહેલા વરસાદને પગલે શહેરનું જનજીવન પ્રભાવિત થયું છે.ત્યારે નગરમાં વિવિધ વિસ્તારમાં રહેતા શ્રમિકોને છેલ્લા ચાર દિવસથી સવારે સુકા નાસ્તાના ફુડ પેકેટ તેમજ સાંજે ગરમાગરમ ખીચડીનું વિતરણ કરવામાં આવે છે. તે ઉપરાંત બનાસકાંઠાના પુરગ્રસ્ત નાગરીકો માટે ફરસી પુરી, સુખડી સહિત સુકા નાસ્તાના ૨૦૦૦ ફુડપેકેટ તૈયાર કરીને મોકલી અપાયા છે.ફુડ પેકેટ સંસ્થાના પ્રમુખ ચંદ્રકાન્ત રાવલ અને સભ્યોની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવ્યા હતા.



વોર્ડ નં. ૧ના નગરસેવક બરખાબેન જહા દ્વારા વોર્ડના શ્રમજીવી વિસ્તાર જેવા કે ચરેડી છાપરા, પ્રેસ સર્કલ છાપરા તથા આદિવાડાના અતિ વરસાદથી અસર થયેલા વિસ્તારમાં પોતે બનાવેલ ગરમ ફુડ પેકેટ લગભગ ૩૫૦ જેટલા વિતરણ કર્યા હતા અને આ વિસ્તારના લોકોને વરસાદમાં પડતી તકલીફો જાણી દૂર કરવાના પ્રયાસ હાથ ધર્યા હતા.



જલારામ સેવા સમાજ દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વરસાદમાં બેઘર થયેલા નાગરીકો માટે ૫૦૦૦ પારલે-જી બિસ્કીટના પેકેટ મોકલવામાં આવ્યા છે.તેમ સંસ્થાના પ્રમુખ જીતુભાઈ સેજાણીએ જણાવ્યું હતું.

● નાજાભાઈ ઘાંઘર નગર સેવક હરહંમેશ સેવાકીય પ્રવૃતિમાં અગ્રેસર રહે છે. ત્યારે સમગ્ર ઉત્તર ગુજરાતમાં મેઘરાજા મનમુકીને વરસતા સ્થાનિક નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે.ઘરવખરીની સામગ્રી પાણીમાં ઘરકાવ થઈ જવા પામી છે. જીવ બચાવવા નાગરીકો સલામત સ્થળે ખસી ગયા છે. પરંતુ કેટલાક સ્થળોએ નાગરીકો ૨૪ કલાકથી વધુ ભુખ્યા અને તરસ્યા છે. ત્યારે નગરસેવક નાજાભાઈ દ્વારા તુરંત ફુલવડી, ભાવનગરી ગાંઠીયા, સેવ-મમરા, ભેળ, બિસ્કીટ સહિતના ૮૫૦૦ ફુડ પેકેટ તાત્કાલીક તૈયાર કરાવીને પુરગ્રસ્ત સ્થળો પર જવા માટે ગાડીઓ રવાના કરી દીધી હતી.

● ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, નાગરીક બેંકના ડિરેકટરો જયંતિભાઈ ભગત, ચંદ્રકાંતભાઈ પટેલ, કોર્પોરેટરો,વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, જયરાજસિંહ વાઘેલા, તેમજ ભાજપના આગેવાન કેતન પટેલ, ધવલ દવે, તેમજ સ્થાનિક જૈન સંઘના વખારીયાજીની ઉપસ્થિતમાં સેકટર-૨૨ જૈન દરાસર ખાતે ફુલવડી અને સુખડીના ૬૦૦૦ ફુડ પેકટ તૈયાર કરવામાં આવ્યા હતા અને બનાસકાંઠાના વિવિધ પુરગ્રસ્ત વિસ્તારોમાં મોકલવા માટે તૈયાર કરીને મોકલી દેવામાં આવ્યા હતા.



**સહયોગ મંડળ**

ગાંધીનગરની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા સહયોગ મંડળ દ્વારા શહેરમાં વિવિધ વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના નાગરિકો માટે ફુડ પેકેટસ તૈયાર કરી તેનું વિતરણ કરાયું હતું.



બનાસકાંઠા અને અન્ય વિસ્તારના પુર પિડીતો માટે ફુડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં પુરગ્રસ્ત વિસ્તારના સ્થાનિક નાગરીકો તેમજ સરકારી અને સેવાભાવી સંસ્થાઓને અંદાજે ૪૦૦૦ ફુડ પેકેટ તૈયાર કરીને મોકલવામાં આવ્યા છે. જેમાં સુખડી, થેપલા પુરી-શાક અને અન્ય સુકો નાસ્તો મોકલવામાં આવ્યો છે. જેમાં નાગરીકના અંદાજે ૨૦૦ કાર્યકરોએ આ ફુડ પેકેટ એકત્રિત કરવામાં ભારે જહેમત ઉઠાવી હતી.

● તાજેતરમાં વરસી રહેલા વરસાદમાં બનાસકાંઠા જિલ્લામાં ખુબજ તારાજી સર્જાઈ છે ત્યારે આ સમયે ગાંધીનગર મહાનગર પાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયર અને પેથાપુરના અગ્રણી યુસુફભાઈ પરમાર તથા કોર્પોરેટર રોશનબેન યુસુફભાઈ પરમાર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારના રહીશો માટે ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનરને ફુડ પેકેટ મોકલવા માટે રૂ.૩૦.૦૦૦ની રોકડ સહાય કરી છે.

● ૨૦મી જુલાઈ સાંજથી અનરાધાર મેઘરાજા વરસતા ઠેર ઠેર જળબંબાકારથી સર્જાયેલ પરિસ્થિતિમાં ભારે તારાજી સર્જાઈ છે. મેઘતાંડવથી બનાસકાંઠા વધુ અસરગ્રસ્ત બનતા તંત્ર મદદરૂપ થવા સજ્જ બન્યું છે. ગાંધીનગર જિલ્લા તંત્ર દ્વારા સામાજિક-ધાર્મિક-સ્વૈચ્છિક સંસ્થાના સથવારે અસરગ્રસ્તોને સમયસર ઝડપી ફુડપેકેટ મોકલવા સજ્જ બન્યુ છે. જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ અને શ્રધ્ધાના પ્રતિક સમા ડભોડિયા હનુમાન મંદિર ટ્રસ્ટે ફુલવડીના ૨૫૦૦૦ ફુડપેકેટ તૈયાર કરી મોકલવા બીડું ઝડપ્યું છે. જનસેવા એજ પ્રભુસેવાના મંત્રને ચરિતાર્થ કરવા ટ્રસ્ટી મંડળે હરહંમેશ કુદરતી આફતમાં સહાયરૂપ થવા અગ્રેસર તેમજ તત્પરતા દર્શાવી ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે.



રાષ્ટ્રીય સેવક સંઘ કલોલ,માણસા અને ગાંધીનગરના કાર્યકરો દ્વારા ચાર ટન સુકો નાસ્તો બનાસકાંઠાના અસરગ્રસ્ત વિસ્તારમાં મોકલી આપવામાં આવ્યો છે. જેમાં ફરસી પુરી, સુખડી, લાડુ, થેપલા, સેવ-મમરા, વડાનો સમાવેશ થાય છે. ગાંધીનગરથી પુરગ્રસ્ત વિસ્તારમાં નાસ્તો ટ્રક અને જીપ ડાલામાં ભરીને મોકલી આપ્યો છે.



**સ્વામિનારાયણ ધામ ગુરુકુલ, કુડાસણ**

ગાંધીનગર-કોબા મુખ્ય માર્ગ પર સ્થિત સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના ગુરુકુલમાં રહી અભ્યાસ કરતા બાળકોએ પુરના અસરગ્રસ્તો માટે ફુડ પેકેટસ તૈયાર કર્યા હતા.



**અક્ષત હેવન, કુડાસણ**

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં અક્ષત હેવન સોસાયટીના રહીશોએ એકઠા થઈ ૧ હજાર ફુડ પેકેટસ તયાર કર્યા હતા. જેમાં મહિલાઓએ પોતાના ઘરેથી થેપલા બનાવીને આપ્યા હતા. પુરુષોએ સોસાયટીના પાર્કિંગમાં બાકીની સામગ્રી બનાવી ફુડ પેકેટસ તૈયાર કરી પુરગ્રસ્તો માટે રવાના કર્યા હતા.